## 1. Details of Module and its structure

| મોડ્યુલ વિગતવાર | |
|---|---|
| વિષયનું નામ | અર્થશાસ્ત્ર |
| અભ્યાસક્રમનું નામ | ભારતીય આર્થિક વિકાસ 01 (ધોરણ 11, સેમેસ્ટર - 1) |
| અભ્યાસક્રમ નું નામ | ગરીબી - ભાગ 1 |
| Module Id | keec_10401 |
| પૂર્વ જરૂરીયાતો | ગરીબી, પોષણ, આવક, રોજગાર વગેરે જેવા કેટલાક શબ્દો વિશે જ્ઞાન. |
| ઉદ્દેશો/ હેતુઓ | આ પાઠનો અભ્યાસ કર્યા પછી, વિદ્યાર્થીઓ નીચેના મુદ્દાઓ સમજી શકશે:<br>• ગરીબીનો ખ્યાલ<br>• ભારતમાં ગરીબીનો અંદાજ<br>• ગરીબીનાં કારણો<br>• ભારતમાં ગરીબી નિવારણ કાર્યક્રમો અને નીતિઓ |
| સૂચક/ચાવીરૂપ શબ્દો | ગરીબી, ગરીબી રેખા, પોષણનું સ્તર, યુઆરપી, એમઆરપી |

## 2. Development Team

| Role | Name | Affiliation |
|---|---|---|
| National MOOC Coordinator (NMC) | Prof. Amarendra P. Behera | CIET, NCERT, New Delhi |
| Program Coordinator | Dr. Mohd. Mamur Ali | CIET, NCERT, New Delhi |
| Course Coordinator (CC) / PI | Prof. Neeraja Rashmi | DESS, NCERT, New Delhi |
| Subject Matter Expert (SME) | Mr. Naveen Sadhu | Guru Nanak Public School, Rajouri Garden, New Delhi |
| Review Team | Dr. Meera Malhan<br>Dr. Himanshu Singh | DCAC, University of Delhi<br>Satyawati College (Eve.), University of Delhi |
| Translator | Bhoomika Bhatt | Visiting Lecturer at Lokbharati Gram Vidyapeeth, Sanosara, Gujarat |

**અનુક્રમણિકા કોષ્ટક**:

1. પરિચય
2. ભારતમાં ગરીબીનું માપન
3. ગરીબીના કારણો
4. ગરીબી નિવારણ માટેની નીતિઓ અને કાર્યક્રમો
5. સારાંશ

૧. પરિચય

ગરીબી એ માત્ર ભારત માટે જ નહીં, પરંતુ આખા વિશ્વ માટે એક પડકાર છે. તે બહુવિધ વંચિતતા અને સશક્તિકરણના અભાવનું પરિણામ છે. ગરીબીને સામાજિક ઘટના તરીકે જોઈ શકાય છે જેમાં સમાજનો એક વર્ગ જીવનના ઓછામાં ઓછા સ્તરથી પણ વંચિત છે. બીજા શબ્દોમાં કહીએ તો, જે વ્યક્તિ જીવનના ઓછામાં ઓછા સ્તરને પણ પૂર્ણ કરવામાં અસમર્થ છે તેને ગરીબ ગણાવી શકાય છે. આ લઘુત્તમ સ્તર દરેક સમાજે સમાજે અને દરેક રાષ્ટ્રએ બદલાય છે અને સમય જતાં તેમાં પરિવર્તનો પણ થાય છે. સામાન્ય રીતે જીવનના લઘુતમ સ્તરમાં ખોરાક, કપડાં, આવાસ, શિક્ષણ, આરોગ્ય અને અન્ય સુવિધાઓનો સમાવેશ થાય છે.

જીવનનિર્વાહના ન્યૂનતમ સ્તરને નકારવાથી જે તે સમાજને વ્યક્તિગત, સામાજિક અને આર્થિક નુકસાન થાય છે. આના કારણે સ્વાસ્થ્ય અને કાર્યક્ષમતામાં ઉણપ આવે છે જેને પરિણામે આવક ઓછી થાય છે. એવું પણ કહેવાય છે કે આ ગરીબી, એકવાર શરૂ થયા પછી એ ઉત્તરોતર બેવડાય છે અને આમ તેનું વિષચક્ર ચાલ્યા જ કરે છે.

૨. ભારતમાં ગરીબીનું માપન

નીતિ આયોગ (અગાઉનું, આયોજન પંચ) એ ભારતની ગરીબીના અંદાજ માટેની કેન્દ્રિય સંસ્થા છે. તે ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં રાષ્ટ્રીય અને રાજ્ય સ્તરે ગરીબીની ઘટનાઓનો ક્યાસ કાઢે છે. ગરીબીની ઘટનાઓ ગરીબી દર દ્વારા માપવામાં આવે છે, જે ટકાવારી તરીકે દર્શાવવામાં આવેલી કુલ વસ્તીમાં ગરીબનું પ્રમાણ છે. તેને માથાદીઠ ગણતરી ગુણોત્તર (એચસીઆર) તરીકે પણ ઓળખવામાં આવે છે. ગરીબીનો ગુણોત્તર અને પ્રમાણ એક મહિના દરમિયાન માથાદીઠ વપરાશના ખર્ચની દ્રષ્ટિએ ગરીબી રેખા દ્વારા માપવામાં આવે છે. ખર્ચના આંકડા એનએસએસઓ **(NSSO)** સર્વેમાંથી મેળવી શકાય છે.

ગરીબીના અંદાજની પદ્ધતિની સમીક્ષા કરવા માટે સમય-સમય પર આયોજન પંચે વિવિધ ટાસ્ક ફોર્સ / નિષ્ણાત જૂથોની રચના કરી છે. વસ્તી માટે ઇચ્છનીય ઓછામાં ઓછું જીવનનિર્વાહ શોધવા માટે તેણે 1962 માં એક કાર્યકારી જૂથની રચના કરી હતી. કાર્યકારી જૂથે ભલામણ કરી હતી કે પાંચ વ્યક્તિઓના એક ઘરદીઠ માટેના રાષ્ટ્રીય ન્યૂનતમ વપરાશ ખર્ચ (NMCE) દર મહિને રૂ. ૧૦૦ કરતાં ઓછી ન હોવી જોઈએ, જે 1960-61 ના ભાવોની દ્રષ્ટિએ માસિક માથાદીઠ રૂ. ૨૦ હતી. શહેરી વિસ્તારો માટે આ આંકડો રૂ. 125 દર મહિને અથવા દર મહિને માથાદીઠ 25 રૂ. શહેરી વિસ્તારમાં ઉંચા ભાવને ધ્યાનમાં રાખીને આ આંકડો/કિમત રાખવામા આવી હતી. અત્રે નોંધનીય છે કે ગરીબી રેખાએ શિક્ષણ અને આરોગ્ય પરના ખર્ચને બાકાત રાખ્યો હતો કારણ કે તેમને સરકાર દ્વારા પૂરી પાડવાની ખાતરી આપવામાં આવી હતી.

**1977** માં, આયોજન આયોગે ડો. લાકડાવાલાના નેતૃત્વમાં લાકડાવાળા સમિતિ નામની એક કાર્ય સમિતિની રચના કરી, જેણે ગ્રામીણ અને શહેરી વિસ્તારો માટે સરેરાશ કેલરી આવશ્યકતાનો અંદાજ કાઢીને ગરીબીનું પ્રમાણસર માપ પૂરું પાડ્યું. ગ્રામીણ વિસ્તારોમાં દરરોજ માથાદીઠ ૨૪૦૦ કેસીએલ કેલરી ધોરણ અને રૂ. શહેરી વિસ્તારોમાં દરરોજ માથાદીઠ ૨૧૦૦ કેસીએલ. ખર્ચની દ્રષ્ટિએ રૂ. ૪૯.૦૯માસિક માથાદીઠ ગ્રામીણ વિસ્તારોમાં માથાદીઠ ૨૪૦૦ કે.સી.એલ કેલરી લેવા અને રૂ. ૫૬.૨૪

શહેરી વિસ્તારોમાં દરરોજ ૨૧૦૦ કે.કે.એલ કેલરીની માત્રા સાથે દર મહિને માથાદીઠ. માસિક માથાદીઠ ખર્ચ (એમપીસીઇ) ને ગરીબી રેખા તરીકે ગણાવી હતી.

કોષ્ટક ૧.૧

**ગરીબીનો ગુણોત્તર અને ગરીબની સંખ્યા: નિષ્ણાત જૂથ (લાકડાવાળા) પદ્ધતિ**

| વર્ષ | ગરીબીનો ગુણોત્તર(%) | | | ગરીબોની સંખ્યા (દશ લાખ) | | |
|---|---|---|---|---|---|---|
| | ગ્રામીણ | શહેરી | કુલ | ગ્રામ્ય | શહેરી | કુલ |
| ૧૯૭૩-૭૪ | ૫૬.૪ | ૪૯.૦ | ૫૪.૯ | ૨૬૧.૩ | ૬૦.૩ | ૩૨૧.૩ |
| ૧૯૭૭-૭૮ | ૫૩.૧ | ૪૫.૨ | ૫૧.૩ | ૨૬૪.૩ | ૬૪.૬ | ૩૨૮.૯ |
| ૧૯૮૩ | ૪૫.૭ | ૪૦.૮ | ૪૪.૫ | ૨૫૨.૦ | ૭૦.૯ | ૩૨૨.૯ |
| ૧૯૮૭-૮૮ | ૩૯.૧ | ૩૮.૨ | ૩૮.૯ | ૨૩૧.૯ | ૭૫.૧ | ૩૦૭.૧ |
| ૧૯૯૩-૯૪ | ૩૭.૩ | ૩૨.૪ | ૩૬.૦ | ૨૪૪.૦ | ૭૬.૩ | ૩૨૦.૩ |
| ૨૦૦૪-૦૫ (યુઆરપી) | ૨૮.૩ | ૨૫.૭ | ૨૭.૫ | ૨૨૦.૯ | ૮૦.૮ | ૩૦૧.૭ |

કોષ્ટક ૧.૧ વર્ષ ૧૯૭૩-૭૪ થી ૨૦૦૪-૦૫ દરમિયાન ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં ગરીબ લોકોની સંપૂર્ણ સંખ્યામાં ગરીબીનું ટકાવારીમાં પ્રમાણ દર્શાવે છે. બંને નિરપેક્ષ સંખ્યા તેમજ ટકાવારીમાં ઘટાડો થયો છે. નોંધનીય છે કે યુઆરપી* અથવા એકસમાન સંદર્ભ સમય વપરાશ જેમાં તમામ વસ્તુઓ માટેના ગ્રાહક ખર્ચની માહિતી અગાઉના ૩૦-દિવસ માંથી એકત્રિત કરવામાં આવી છે.

નિષ્ણાતો દ્વારા દર્શાવવામાં આવેલી કેટલીક અપૂર્ણતાને ધ્યાનમાં રાખીને, નવી ગરીબી રેખાની સમીક્ષા અને ભલામણ કરવા માટે ડો. સુરેશ તેંડુલકરના નેતૃત્વ નીચે ૨૦૦૫માં નવી સમિતિની રચના કરવામાં આવી. જો કે, નિષ્ણાત જૂથે નવી ગરીબી રેખા ન બનાવી. તેણે લાકડાવાળા પદ્ધતિ અપનાવી અને યુઆરપી (એકસમાન સંદર્ભ સમય) ને એમઆરપી (મિશ્ર સંદર્ભ સમય) દ્વારા બદલ્યો. યુઆરપી વપરાશની બધી વસ્તુઓ, ખાદ્ય ચીજો અને ખાદ્ય વસ્તુઓ સિવાયના 30-દિવસની સંદર્ભ અવધિનો ઉપયોગ કરે છે. પરંતુ તેંડુલકર સમિતિએ 5 બિનઆહાર પદાર્થો, એટલે કે કપડાં, ફૂટવેર, ટકાઉ માલ, શૈક્ષણિક અને સંસ્થાકીય તબીબી ખર્ચ માટે સંદર્ભ સમયગાળાને પાછલા એક વર્ષમાં બદલ્યો, જેને 'મિશ્ર સંદર્ભ / રિકોલ પીરિયડ' (એમઆરપી) કહેવામાં આવે છે.

**કોષ્ટક ૧.૨**

**રાષ્ટ્રીય ગરીબી રેખાઓ (રૂ. માથાદીઠ, દર મહિને)**

| વર્ષ | ગ્રામીણ | શહેરી |
|---|---|---|
| ૨૦૦૪-૦૫ | ૪૪૬.૭ | ૫૭૮.૮ |
| ૨૦૦૯-૧૦ | ૬૭૨.૮ | ૮૫૯.૬ |
| ૨૦૧૧-૧૨ | ૮૧૬.૦ | ૧૦૦૦.૦ |

તેંડુલકર સમિતિએ કોષ્ટક ૧.૨ માં બતાવ્યા પ્રમાણે અંદાજ આપ્યો છે કે ગ્રામીણ વિસ્તારો માટે ૨૦૦૪-૦૫ માટેની ભારતની રાષ્ટ્રીય ગરીબી રેખા રૂ. ૪૪૬.૭ પ્રતિ માસ દીઠ અને શહેરી વિસ્તારો માટે રૂ. ૫૭૮.૮ પ્રતિ માસ દીઠ. આ આધારે, 2004-05 માં ગ્રામીણ વસ્તીમાંથી ૪૧.૮ ટકા અને શહેરી વસ્તીમાંથી ૨૫.૭ ટકા લોકો ગરીબી રેખાની નીચે હોવાનો અંદાજ હતો. સમગ્ર દેશ માટે, 2004-05 માં 37.2 ટકા લોકો ગરીબી રેખાની નીચે હતા

2013 માં, આ જ પદ્ધતિનો ઉપયોગ કરીને, ગરીબી રેખાને ગ્રામીણ વિસ્તારો માટે દૈનિક 27.20 રૂપિયા માથાદીઠ અને રૂ. ૩૩.૩૩ શહેરી વિસ્તારો માટે માથાદીઠ સુધારવામાં આવી હતી. આ ગણતરી પ્રમાણે ગરીબી રેખાનો આંકડો ગ્રામીણ વિસ્તારોમાં રૂ.૮૧૬ માથાદીઠ પ્રતિમાસ અને શહેરી વિસ્તારોમાં રૂ. 1000 માથાદીઠ પ્રતિમાસ. આના આધારે, ૨૦૧૧-૧૨માં ૨૧.૯ ટકા વસ્તી ગરીબી રેખાની નીચે હતી. (શહેરી વિસ્તારોમાં 21.7 ટકા)

સી. રંગરાજનની અધ્યક્ષતામાં એક નવો નિષ્ણાત જૂથ (૨૦૧૨ માં સ્થાપિત) એ તેનો અહેવાલ ૨૦૧૪ માં રજૂ કર્યો હતો અને ગરીબી રેખાના નવા અંદાજ સાથે આવ્યો હતો. તેમાં 'માથાદીઠ માસિક ખર્ચ' 972 રૂ. ગ્રામીણ વિસ્તારોમાં અને 1407 રૂ. ગરીબી રેખાના આધાર રૂપે શહેરી વિસ્તારોમાં. તેણે ગરીબી રેખાને નિર્ધારિત કરવા માટે 'પાંચના સભ્યનું એક પરિવારનો માસિક ખર્ચ' નો ઉપયોગ કર્યો હતો, જે રૂ. 4860 ગ્રામ્ય વિસ્તારોમાં અને રૂ. 7035 શહેરી વિસ્તારો માટે. નિષ્ણાત જૂથનો મત હતો કે વ્યક્તિગત ખર્ચ કરતાં ઘરનો/પરિવારનો ખર્ચ બતાવવો વધુ યોગ્ય રહેશે. રંગરાજન સમિતિએ આઇસીએમઆર ધોરણો પર આધારિત કેલરી, પ્રોટીન અને ચરબીની સરેરાશ આવશ્યકતાઓને પણ ધ્યાનમાં લીધી, જે નીચે પ્રમાણે છે:

- કેલરી આવશ્યકતા: શહેરી વિસ્તારોમાં 2090 કેસીએલ અને ગ્રામીણ વિસ્તારોમાં 2155 કેસીએલ
- પ્રોટીન: શહેરી વિસ્તારો માટે 50 ગ્રામ અને ગ્રામીણ વિસ્તારો માટે 48 ગ્રામ.
- ચરબી: શહેરી વિસ્તારો માટે 28 ગ્રામ અને ગ્રામીણ વિસ્તારો માટે 26 ગ્રામ.

ગરીબીના અંદાજની નવીનતમ કવાયત **2011** માં હાથ ધરાયેલી સામાજિક આર્થિક જાતિ ગણતરી **(**એસઇસીસી**)** પર આધારિત છે**.** આ માહિતીનો ઉપયોગ **2015** પછીથી ગરીબ પરિવારો અથવા ઘરના લોકોને ઓળખ માટે થાય છે**.** આ પદ્ધતિમાં સવલતો જેવીકે સંપત્તિ**,** આવક**,** સાક્ષરતા**,** મોબાઇલ કે મોબાઇલ ફોન**,** વાહન**,** રેફ્રિજરેટર વગેરેને લગતા સાત સૂચકાંકોનો ઉપયોગ કરીને ગરીબ અને બિનગરીબ લોકો વચ્ચેનો તફાવત શોધાય છે**.** આ પદ્ધતિના આધારે**, 31.26** ટકા વસ્તી ગરીબ માનવામાં આવે છે**.**

૩. ગરીબીના કારણો

i. **સંસ્થાકીય અને સામાજિક પરિબળો**: ગરીબીનાં કારણો સંસ્થાકીય અને સામાજિક પરિબળોમાં છે, જે એક ગરીબનું જીવન ચિહ્નિત કરે છે. ગરીબ ગુણવત્તાયુક્ત શિક્ષણથી વંચિત છે અને તેના કારણે સારી આવક મેળવતી/અપાવતી કુશળતા પ્રાપ્ત કરવામાં અક્ષમ રહીજાય છેગરીબ લોકોને સારી આરોગ્ય સંભાળની સુવિધા પણ ઉપલબ્ધ નથી.
ii. **ગરીબ લોકોમાં ઝડપી વસ્તી વૃદ્ધિ:** વસ્તીનો વિકાસ દર 1941-51 માં 1 ટકાથી વધીને 1991 માં 2.1 ટકા થયો હતો. નિરક્ષરતા, પરંપરાગત વલણ, કુટુંબિક આયોજન પદ્ધતિઓનો અભાવ, પુત્રની ઝંખના વગેરેના કારણે ગરીબ લોકોમાં વસ્તી વૃદ્ધિ વધારે છે. મોટા કદના પરિવારો અને ઓછી

આવક સાથે, તેઓ પરિવારના સભ્યોની મૂળભૂત ન્યૂનતમ જરૂરિયાતોને પણ પૂર્ણ કરવામાં અસમર્થ છે.

iii. **જમીન સુધારણાનું નબળું અમલીકરણ**: આઝાદી પછી, સરકારે જમીન સુધારણાના નિયમ લાગુ કર્યા અને જેની પાસે જમીન નથી તેમને જમીન વહેંચવાનો પ્રયાસ કર્યો. પણ આ પગલું મર્યાદિત હદ સુધી જ સફળ રહ્યું. ખેતી કામદારોના મોટા ભાગના લોકો નાના પાકને ખેત કરી શક્યા ન હતા, કારણ કે તેમની પાસે જમીનને ઉત્પાદક બનાવવા માટે પૈસા અથવા કુશળતા નહોતી અને તેમની માલીકીની જમીન એટલી નાની હતી કે વેપાર માટે કે ખેતી માટે પણ સક્ષમ ન હોય.

iv. **રોજગારના વૈકલ્પિક સ્ત્રોતનો અભાવ:** ગ્રામીણ ગરીબોનો મોટો વર્ગ નાના ખેડુતો છે. તેમની પાસેની જમીન ઓછી ફળદ્રુપ છે અને ચોમાસા અને વરસાદ પર નિર્ભર છે. તેમનું અસ્તિત્વ ક્યારેક નિર્વાહ પાકો પર અને ક્યારેક પશુધન પર આધારિત થઇ જાય છે. વસ્તીના ઝડપી વિકાસ સાથે અને રોજગારના વૈકલ્પિક સ્ત્રોતો વિના, વાવેતર માટે જમીનની માથાદીઠ પ્રાપ્યતામાં સતત ઘટાડો થયો છે જેના પગલે જમીન ધારણાના ટુકડાઓ થઇ ગયા છે.

v. **કરજદારી:** ઘણા અહેવાલો બતાવે છે કે ખેડુતોએ ખેતી અને અન્ય વ્યક્તિગત જરૂરિયાતો માટે લીધેલુ દેવું/કરજ પરત ચૂકવવામાં અસમર્થતાને કારણે આત્મહત્યા કરી છે. ઘણી વખત, દુકાળ અથવા અન્ય કુદરતી આફતોને લીધે, ખેડૂતોના નિષ્ફળ જાય છે, જેનાથી તીવ્ર તાણ થાય છે અને તેમને આત્યંતિક પગલા તરફ દોરી જાય છે.

vi. **માળખાગત સુવિધાઓનો અભાવ:** ઉર્જા, પરિવહન, શક્તિ, શિક્ષણ, આરોગ્ય વગેરે જેવા આર્થિક, સામાજિક અને માળખાંગત સુવિધા/સેવાઓ વિકાસ અને વિકાસના પાયા તરીકે કામ કરે છે. આ માળખાકીય સુવિધાઓનો અભાવ અર્થતંત્રની વૃદ્ધિ અને ગરીબીને દૂર કરવાના પ્રયત્નોને ધીમું પાડી દે છે.

vii. **સામાજિક પરિબળો:** વિવિધ સામાજિક પરિબળો, જેમ કે જાતિ-પદ્ધતિ, સંયુક્ત કુટુંબ પદ્ધતિ, ધાર્મિક વિશ્વાસ અને માન્યતાઓ, વારસોનો કાયદો વગેરે ઘણીવાર આર્થિક વિકાસની પ્રક્રિયામાં અવરોધક લાવે છે. ઉદાહરણ તરીકે, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના સભ્યો શહેરી અને ગ્રામીણ અર્થતંત્રના વિવિધ ક્ષેત્રોમાં ઉભરતી ઘણી રોજગારની તકોમાં ભાગ લઈ શકતા નથી કારણ કે તેમની પાસે જરૂરી જ્ઞાન અને કુશળતા નથી.